Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



કોઈની ભુલને પી જનાર જ ભુલ કરનારના
અંતરમાં પશ્ચાતાપનું અમૃત પ્રગટાવી શકે છે.

પુસ્તક : ૯૦
અંક : ૧૨

દ્વિતીય-ભાદ્રપદ
ઓકટોબર
૧૯૯૩

આત્મ સંવત ૯૭
વીર સંવત ૨૫૧૯
વિક્રમ સંવત ૨૦૪૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧ | શ્રી મહાવીર સ્વામીનું સ્તવન | સ્વ. આચાર્યશ્રી લબ્ધિસૂરી મ. | ૯૯ |
| ૨ | ગીરનારની યાત્રા સુલભ બની | હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ૧૦૦ |
| ૩ | યુગદૃષ્ટા પ. પૂ. આચાર્યદેવેશ વિજયવલ્લભસુરીશ્વરજી મ. સા. | હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ૧૦૧ |
| ૪ | "ઇવાન લીચ" ગુપ્તદાન | "માનવી" | ૧૦૪ |
| ૫ | શીલનું વ્યાપક સ્વરૂપ | પ. પૂ. આચાર્યદેવેશ વિજયવલ્લભ સૂરીશ્વરજી મ. સા.ના પ્રવચનમાંથી | ૧૦૬ |
| ૬ | શિક્ષણ અને સંસ્કાર | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) | ૧૧૦ |


## આ સભાનાં નવા માનવંતા પેટ્રન

## શ્રી ભાસ્કરભાઈ વી. શાહ

# યુગદ્રષ્ટા આચાર્યદેવ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા.ના મુંબઈ મધ્યે ૩૯માં સ્વર્ગારોહણ ત્રિ દિવસીય મહોત્સવ

ભાદરવા વદી ૯-૧૦-૧૧ રવી સોમ મંગળ (તા. ૧૦-૧૧-૧૧ ઓકટોબર ૯૩).

પંજાબ કેસરી યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ (યુગવિર આત્મારામજી મહારાજ સાહેબના પટ્ટધર) સમયને ઓળખી સમાજમાં પ્રવર્તતી સંકુચીતતા દૂર કરી સમાજમાં અદ્દભૂત પરીવર્તન અને ક્રાંતિ લાવ્યા. ધર્મ-સમાજ-શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ કાર્યો કરી સહુને પાવનકારી નીર પાયા છે. જન્મભુમી ગુજરાત, કર્મભુમિ પંજાબ અને સાધના ભુમિ મરૂધર અને મહારાષ્ટ્રને ધન્ય બનાવી જનાર આચાર્યશ્રીનો ૩૯ મો સ્વર્ગારોહણ દિન ભાદરવા વદ ૧૧ તેઓશ્રીનું પુણ્ય સ્મરણ કરવા અને ગુરૂઋણ અદા કરવા અને ભાવભરી શ્રદ્ધાંજલી અર્પવા યોજવામાં આવેલ છે.

આચાર્યદેવને કોટી કોટી વંદના.

## શ્રી જૈન આત્માનંદ સભા તરફથી

# શ્રી જૈન શારદા પુજન વિધીની

## સુંદર બુક પ્રકાશન કરવામાં આવી છે.

## કિંમત ૧૦૦ બુકના રૂા. ૫૦-૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાનાં નવા માનવંતા પેટ્રન

# શ્રી ભાસ્કરભાઈ વી. શાહ



શ્રી ભાસ્કરભાઈ વિઠ્ઠલદાસ શાહને આપણી સભાના પેટ્રન તરીકે ઘણાજ હર્ષથી આવકારીએ છીએ

તેમનાં પિતાશ્રી શ્રી વિઠ્ઠલદાસભાઇ શહેર ભાવનગરના આપણા સમાજની ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલ હતા. આ સભાનાં માનદમંત્રી તરીકે ૨૭ વરસ સુધી તેમણે અપૂર્વ સેવા આપેલ. તેમ જ તેઓ આચારે અને વિચારે શુદ્ધ ગાંધીવાદી હતા. તેમજ આજીવન કેળવણીકાર હતા. સંસ્કૃત, અંગ્રેજી અને ગુજરાત ભાષા ઉપર તેમનું પ્રભુત્વ અદ્‌ભુત હતું.

આવા કુટુંબમાં શ્રી ભાસ્કરભાઈનો જન્મ ૩–૧૦–૧૯૧૯માં થયો. હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ તેજસ્વી પ્રતિભા સાથે ભાવનગરમાં અને મુંબઈ મહાવીર વિદ્યાલયમાં રહી કાયદાનાં સ્નાતક ઉચ્ચકક્ષાએ થયા.

તેમના લગ્ન ૧૯૪૩માં ભાવનગરમાં જ શ્રી વિમળાબેન સાથે થયા. હાલ તેમની ૪ પુત્રીઓ તેમના પોતાને ત્યાં ખૂબ જ સુખી છે અને એક પુત્ર શ્રી ધર્મેન્દ્ર C.A. થયેલ છે અને હાલ તે પણ વ્યવસાયમાં શ્રી ભાસ્કરભાઈની સાથે જ કારોબાર સંભાળે છે.

શ્રી ભાસ્કરભાઇને શિક્ષણ તથા ધાર્મિક સંસ્કાર વારસામાંજ મળેલા હતા, તેમજ સામાજીક–રાજકીય પ્રવૃત્તિમાં પણ સક્રિય ભાગ લેતા. ૧૯૪૨માં 'હિન્દ છોડો' લડતમાં ભાગ–મુંબઇમાં લીધેલ અને જેલવાસ પણ ભોગવેલ હતો.

તેઓની સામાજીક, કેળવણી, તથા ધાર્મિક પ્રવૃત્તિ ખુબજ છે જે લખવા માટે તો આપણા માસિકનાં અર્ધા પાના જોઇએ. આથી ટૂંકમાં જ તેમની વિવિધ ક્ષેત્રની પ્રવૃત્તીઓની ટૂંકમાં નોંધ લઇએ.

વ્યાપારી તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે તેમની અસાધારણ બુદ્ધિ પ્રતિભા–અને કોઠા સુજને લઇને તેઓ મુકુંદ આયર્ન, એલ્કોક એસડાઉનનાં ચીફ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર તેમજ ખંડેલવાલ ઉદ્યોગમાં મેનેજીંગ ડીરેક્ટર હતા, ઉપરાંત એકમે મેન્યુ. ફેક્ચરીંગ લી. સીમ્પ્લેક્ષ ગૃપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ તથા બીજી અનેક કંપનીઓમાં ડીરેક્ટર તરીકે સેવા આપેલ અને આ દરેક કંપનીઓને ઔદ્યોગિક ક્ષેત્રે આગળ લાવવામાં તેમનો ઘણોજ મોટો ફાળો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓએ જે જે ઔદ્યોગિક ક્ષેત્રે કાર્ય કર્યુ તેનાં એસોસીએશન જેવા કે એન્જીનીયરીંગ એસોસીએશન ઓફ ઇન્ડીયા. વેસ્ટર્ન રીજીયનનાં ચેરમેન તરીકે ઈન્ડીયન ફેરો એલોયઝ પ્રોડયુસર્સ એસોસીએશનનાં ચેરમેન તરીકે તેમજ ઘણી કંપનીઓમાં કોરપોરેટર સલાહકાર તરીકે તથા બોમ્બે ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, સ્ટીલ ફર્નેસ એસોસીએશન ઓફ ઈન્ડીયા વગેરેમાં સક્રિય મેમ્બર તરીકે ઘણી જ સારી સેવા આપતા.

સેવાકીય ક્ષેત્ર તો તેમનાં જીવનમાં વણાએલું જ છે. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ૧૯૫૮ થી ૭૨ સુધી જુદા જુદા હોદ્દાઓ ઉપર રહીને કલબની સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેતા રહેલ ૧૯૭૧-૭૨માં લાયન્સ ડીસ્ટ્રીક ૩૦૪ W. ના ગર્વનર તરીકે નિયુક્ત થયા. સને ૧૯૭૧નાં પાકિસ્તાન સાથેની લડાઇમાં ઘાયલ થયેલ તેમજ લડાઇમાં શહિદ થયેલ જવાનોનાં કુટુંબીઓને પૂનર્વસવાટનું કામ જે કાર્ય થયેલ તે કાર્યની પ્રશંસા રૂપે લાયન્સ ઈન્ટરનેશનલનાં એવોર્ડથી તેમને નવાજવામાં આંવેલ, અને લાયન્સ ઈન્ટરનેશનલનાં મેલ્વીન જોન્સ ફેલો થયેલ.

તેઓની સામાજીક સેવાઓને અનુલક્ષીને મહારાષ્ટ્ર સરકારે તેમને ૧૯૮૨-૮૩ના વર્ષ માટે 'સ્પેશ્યલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ નીમ્યા હતા.

સેવાકીય પ્રવૃત્તિની સાથે આર્થીક રીતે પણ ભોગ આપવાના ગુણ ઘણા ઓછા માણસોમાં હોય છે. જેમાં શ્રી ભાસ્કરભાઈની ગણત્રી કરવામાં જરા પણ અતિશયોક્તિ નથી તેઓએ-

કેન્સર ડીટેકશન સેન્ટર ઘાટકોપરમાં રૂા. ૫૬૦૦૦/-

આંખના ઓપરેશન માટે મ્યુની. હોસ્પીટલ રૂા. ૩૫૦૦૦/- આપેલ મુખ્ય છે તે સિવાય ધામિક ક્ષેત્રે અને ઘણી હોસ્પીટલોને દાન આપેલ છે.

ધાર્મિક કાર્યોમાં પણ તેઓ ઘણો રસ લે છે. જૈન જાગૃતિ સેન્ટર ઘાટકોપરનાં તેઓ આજીવન પ્રમુખ છે. મહાવીર વિદ્યાલયના મેનેજીંગ કમીટીના મેમ્બર છે અને ત્યાં પણ રૂા. ૨૫ ૦૦/- નું દાન આપેલ છે.

આવા વિવિધ ક્ષેત્રે આગળ પડતા શ્રી ભાસ્કરભાઇ શાહને પેટ્રન તરીકે સપ્રેમ આવકારીએ છીએ અને તેમનું દીર્ઘાયુ ઈચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ.એ., બી.કોમ, એલ.એલ.બી.



## 卐 શ્રી મહાવીર સ્વામીનું સ્તવન 卐

( રાગ :- શરફરોશીકી તમન્ના )

અહા ! કેવું ભાગ્ય જાગ્યું, વીરના ચરણો મલ્યાં,
રોગ શોક દારિદ્ર સઘળા, જેહથી દુરે ટલ્યાં.
અહા૦ ૧

ફેરો ફર્યો છે દુર્ગતિનો, શુભ ગતિ તરફેણમાં,
અલ્પ કાળે મોક્ષપામી, વિચરશું આણદમાં.
અહા૦ ૨

જેમના તપનો મહિમા, કહી શકેશ રાંભી.
તેમને હું સ્તવું શું બાળક, શક્તિનો જ્યાં લેશ નહીં.
અહા૦ ૩

કામધેનુ કામકુંભ, ચિંતામણિ તું મળ્યો,
આજ મારે આંગણે, વીર કલ્પતરૂ ફળ્યો.
અહા૦ ૪

લબ્ધિના ભંડાર વ્હાલા, વીર વીર જપતા થયા,
ગૌતમ શ્રી મોક્ષ ધામી, એ પ્રભુની ખરી દયા.
અહા૦ ૫

સ્વ. આચાર્યશ્રી લબ્ધિસુરી રચીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગીરનારની યાત્રા સુલભ બની

લેખક : હિંમતલાલ અનોપચંદ મોતીવાળા

પંચ મહાવ્રત ધારી મુનિ વૃંદ વિહાર કરતા સોરઠ વીભાગમાં વિચર્યા અંતરમા બાવીશમાં પ્રભુ નેમનાથના દર્શનની પ્રબળ ભાવના, ગીરનારની તળેટીમાં પહોંચ્યા. ગીરીરાજના દર્શનથી મુનિરાજોનું હૈયું ખુબ આનંદથી નાચી રહ્યું હતું. વિહારનો થાક હોવા છતાં અંતરમાં ગીરનાર યાત્રા માટે હૈયું થનગની રહ્યું હતું.

ગીરનાર સમક્ષ પહોંચી પ્રથમ પગથીયે ડગ મુકયો ત્યા ઇજારદાર ઉભા હતા તેઓએ મુનિઓને પડકાર્યા ઉભા રહો.

મુનિ ભગવંતોએ તેમની યાત્રા અવરોધવાનું કારણ પુછયું. જવાબ મળ્યો કે યાત્રા વેરો ચુકવ્યા વગર ઉપર જઇ શકાશે નહી. પ્રત્યેક વ્યક્તિ દિઠ પાંચ દ્રવ્યો ચુકવે તેજ યાત્રા કરી શકે.

નિર્ગન્થ મુનિઓ પાસે પૈસા તો હોય જ નહી. તેઓએ વાત કરી કે અમે સાધુઓ પૈસા રાખતા નથી. રાખી શકાતા નથી. અમને યાત્રા કરવા જવા દો.

ઇજારદારે ખુલાસો કર્યો કે આ અમારી આજીવીકા માટે છે.

નિરાશ વદને મુની ભગવંતો પાછા ફર્યા. નજીકમાં મુકામ કર્યો: અને નિશ્ચય કર્યો કે નેમનાથ ભગવાનના દર્શન ન થાય ત્યાં સુધી અન્ન જળ ત્યાગ. પચકખાણ કરી મુનિ ભગવંતો સ્વાધ્યાયમાં લીન થઈ ગયા : ત્રણ ઉપવાસ અઠ્ઠમ થયો ત્યાં કાંઈક વાજીંત્રોનો નાદ સંભળાયો.

આ અવાજ મહા પુન્યશાળી ગુજરાતના મહા મંત્રીશ્વર શ્રી વસ્તુપાળ શેઠનો સંઘ યાત્રા કરવા પધારી રહ્યો હતો તેની સવારીનો હતો.

નજીક આવ્યા મંત્રીશ્વરજીએ મુની ભગવંતોને જોયા, દર્શન વંદન કરી સુખશાતા પુછી મુની ભગવંતોએ "ધર્મલાભ" આપી વાત કરી કે ભગવાનના દર્શન માટે ૩ દિવસથી પચકખાણ કરી રહ્યા છીએ. યાત્રા વેરાના કારણે અમો કયાંથી આ વેરો ચુકવીએ.

મંત્રીશ્વરે વિનય પુર્વક શ્રી સંઘ સાથે યાત્રા કરવા પધારવા વિનંતી કરી. ભગવાનને ભેટવા પધારો. જે દર્શન માટે તડપી રહ્યા હતા તે દર્શનનો લાભ મળે તેવી સુલભ ઘડી આવી.

એકાએક વિચાર સ્ફુર્યો કે આજે તો સાનુકુળતા મળી પરન્તુ હવે પછી આવનાર મુનીરાજોનું દ્રવ્ય કોણ ચુકવશે, અમે યાત્રા કરશું પણ આવતી કાલથી યાત્રાએ આવનાર સાધુનું શું થશે.

અનુસંધાન પાના નંબર ૧૦૩ પર જુઓ,



For Private And Personal Use Only

# યુગદૃષ્ટા પ. પૂ. આચાર્ય દેવેશ વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા.

લેખક : **હિંમતલાલ અનોપચંદ મોતીવાળા**

વડોદરા શહેરમાં શ્રીમાળી કુળમાં સં. ૧૯૨૭ (ભાઇબીજ) કારતક સુદ ૨ ના પવીત્ર દિવસે શેઠશ્રી દિપચંદભાઈને ત્યાં તેમના ધર્મપત્નિ શ્રીમતિ ઇચ્છાબેનની કુક્ષીએ પુત્ર રત્નનો જન્મ થયો.

આ કુલદિપક પુત્રનું નામ છગનલાલ.

શ્રી છગનલાલ બાલ્ય કાળથી તેજસ્વી હતા. અભ્યાસ સાત ધોરણ સુધી પ્રથમ પંક્તીમાં ઉત્તિણ થઇને કર્યો હતો'

કુદરતને કાંઇક જુદુ મંજુર હતુ હજી અભ્યાસકાળ ચાલતો હતો ત્યાં તેમને માતા પિતા સ્વર્ગવાસી થતા વિયોગ પડયો. માતાના અંતીમ ઉદ્‌ગાર હતા કે "બેટાં તને હું તીર્થંકરને શરણે સંસારથી વીરક્ત થઈ મોક્ષમાર્ગ અપનાવ તેવી મારી અંતરની ઇચ્છા છે"

ભારત વર્ષ ઉપરાંત યુરોપ અને અમેરીકામાં પરમ પૂજ્ય આચાર્યદેવ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ (આત્મારામજી મહારાજ સાહેબ) નું નામ પરમ જ્ઞાની અને યુગદૃષ્ટા તરીકે ગાજતું હતું.

ભાગ્યયોગે તેઓશ્રી વડોદરા પધાર્યા. હંમેશા વ્યાખ્યાનવાણી સાંભળવા શ્રી છગનલાલ જતાં હતાં. એક દિવસ વ્યાખ્યાન બાદ સૌ વિખરાયા પરન્તુ શ્રી છગનલાલ ત્યાં બેસી રહ્યા. ઉંડા વિચારોમાં મગ્ન થઇ ગયા હતા. ગુરૂ ભગવંતે સહજ પુછ્યું કે "ભાઇ! કેમ બેઠા છો? શ્રી છગનલાલ. ગુરૂ મહારાજશ્રીનો આ દિવ્ય અવાજ સાંભળી પ્રથમ રડી પડયા. ગુરૂ મહારાજ સાહેબે શાંત પાડતા સ્નેહથી પુછ્યું કે "ભાઈ ધનની જરૂર છે? સાધુ પાસે ધન તો હોય નહી તે તો તમને ખ્યાલ હશે" અત્રે કોઇ ગૃહસ્થો આવશે તેની પાસેથી અપાવીશું. મુંઝાશો નહી.

તુરત શ્રી છગનલાલે જવાબ આપ્યો કે ગુરૂ ભગવંત મારે તો આપની પાસેથી એવું ધન જોઇએ છે કે જે કદિ નાશ પામે નહી અને અક્ષય સુખ બક્ષે.

આવા ઉત્તમ વાક્‌ચાતુર્ય ભર્યા જવાબથી તુરત જ ગુરૂ ભગવંતને સ્ફુર્ણા થઈ કે આ કોઈ સામાન્ય બાળક નથી પરન્તુ મહા પ્રતાપી અને તેજસ્વી પુરૂષ થવા સર્જાયેલ છે. તેનાં દેહ ઉપર દૃષ્ટી કરતા ઉત્તમ પુરૂષના લક્ષણો ગુરૂદેવને દૃષ્ટીમાન થયા.

ગુરૂદેવને શ્રી છગનલાલ ઉત્તમ, યોગ્યતા પુર્ણ શીષ્ય સ્વરૂપે દેખાયા. શ્રી છગનલાલે દિક્ષા લેવાની ભાવના ગુરૂદેવ સમક્ષ મુકી.

ગુરૂ મહારાજ સાહેબને વિહાર કરવાનું થયુ. છાણી તરફ વિહાર કર્યો. શ્રી છગનલાલ સાથેજ હતા. તેમના વડીલ બંધુ ખીમચંદભાઇને જાણ થઈ કે છગનલાલ પ્રવજ્યા લેવા આગળ વધી રહ્યા છે. તેઓ પાછળ છાણી પહોંચ્યા અને શ્રી છગનલાલને પરત ઘરે વડોદરા લઇ આવ્યા તેના ઉપર ચોકી રખાઇ.

ગુરૂદેવ અમદાવાદ પહોંચી ગયા હતા. શ્રી છગનલાલ એક દિવસ લાગ જોઈ ટ્રેઇન દ્વારા અમદાવાદ ગુરૂદેવ સમીપ પહોંચ્યા તેને આવેલ જોઇ ગુરૂદેવના મુખેથી ઉદ્‌ગાર નિકળ્યા કે "આ બાળક ભવીષ્યમાં સારી ધર્મ પ્રભાવના કરશે."

શ્રી છગનલાલ પાછળ વડીલ બંધુ ખીમચંદભાઈ પણ અમદાવાદ આવ્યા અને આચાર્ય ભગવંતને પ્રાર્થના કરી કે આપ તેની દિક્ષા લેવાની ભાવના હોય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો હું યોગ્ય સમયે રજા આપીશ. આપ હાલ તે નાનો છે ભણાવો તૈયાર કરો. આ વાત સાંભળતા શ્રી છગનલાલના હર્ષનો પાર રહ્યો નહીં.

શ્રી છગનલાલે ગુરૂદેવ સાથે શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી. ગુરૂદેવ રાધનપુર પધાર્યા. શ્રી છગનલાલે વડીલ બંધુ તથા કુટુંબીજનો જોગ પત્ર લખ્યો કે મારી દિક્ષા નક્કી થઇ ગઇ છે.

૧૯૪૩ વૈશાખ સુદ ૧૩ ના શુભ દિને શ્રી છગનલાલની દિક્ષા મંગળ મુહુર્તે થઇ ગઈ. અને તેમનું નામ "મુનિશ્રી વલ્લભવિજયજી જાહેર થયુ. મુનિશ્રી હર્ષવિજયજીના શિષ્ય થયા. ૧૯૪૬ વૈશાખ સુદ ૧૦ વડી દિક્ષા થઈ.

વડી દિક્ષા બાદ અનુક્રમે ચાતુર્માસ મહેસાંણા, ત્યારબાદ મારવાડ પધાર્યા. ત્યાં પાલી થઇ જોધપુર ચાતુર્માસ થયું. ત્યાંથી વીહાર કરતા દિલ્હી પધાર્યા. દિલ્હીમાં પ. પૂ. હર્ષવીજયજી કે જેઓ પુ. વલ્લભવિજયજીના ગુરૂ હતા. દિલ્હીમાં કાળધર્મ પામ્યા.

અહિંથી પંજાબ યાત્રા શરૂ થઇ. અંબાલા, લુધીઆણા, અમૃતસર આ સ્થીરતા દરમ્યાન અમેરીકા શીકાગોમાં સર્વ ધર્મ પરીષદ મળવાની હતી. પ. પૂ. આત્મારામજી મહારાજ સાહેબની વીદ્વતાથી આકર્ષાઈ તેઓશ્રીને શીકાગો પરીષદમાં આવવા આમંત્રણ મળ્યું. જૈન સાધુઓ માટે આ સ્વીકાર્ય ન હતું. તેથી પ. પૂ. વલ્લભવિજયજી મહારાજ પાસે છ મહીના મહેનત લેવરાવી એક મહા નિબંધ તૈયાર કરાવી શ્રી વીરચંદ રાઘવજી ગાંધી બાર–એટ–લો મહુવાવાળાને પ્રતીનીધી તરીકે શીકાગો મોકલ્યા.

પંજાબની સ્થીરતા દરમ્યાન પ પૂ. આત્મારામજી મહારાજ સાહેબે પંજાબ માટે ગુરૂદેવ વલ્લભવિજયજીને તૈયાર કર્યા. ત્યારબાદ ગુજરાનવાલા પધાર્યા. ૧૯૫૨ જેઠ સુદ ૭ ની રાત્રીએ પ. પૂ. આત્મારામજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા. ગુરૂદેવશ્રી વલ્લભવિજયજીને દાદાગુરૂના કાળધર્મથી પારાવાર દુઃખ થયું. આ સમયે ગુરૂદેવની ઉંમર ફક્ત ૨૫ વર્ષની હતી. અહિંથી ગુરૂદેવશ્રી આત્મરામજી મહારાજ સાહેબના નામનો આત્મ સંવત શરૂ થયો, પંજાબમાં ઠેર ઠેર ગુરૂદેવનાં નામથી સંસ્થાઓ જ્ઞાનપીઠો શરૂ થઇ, શ્રી જૈન આત્માનંદ **મહા સભા** ની પણ અહિં શરૂઆત થઈ.

પંજાબની ધરતીને વચનામૃતથી તૃપ્ત કરતાં તેઓશ્રી હોશીયારપુર, ત્યારબાદ વડીલ બંધુ ખીમચંદભાઈની વિનંતીથી ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

દરેક ઠેકાણે વીહારમાં 'કેળવણી' ની વૃદ્ધી ઉપર ખાસ ઉપદેશ આપતા અને તે ઉપદેશ દરેક જગ્યાએ સાર્થક થયો.

ત્યારબાદ પોતાની જન્મભુમી વડોદરામાં પધાર્યા ત્યાં આબાલ–વૃદ્ધ સૌએ ખુબ હર્ષ પુર્વક સામૈયું કર્યુ મોટો મહોત્સવ જાણે મંડાઈ ગયો હોય તેમ દેખાતુ હતું. અહિ ચોમાસુ કર્યું, ત્યારબાદ ભરૂચ, ઝગડીઆજી તીર્થ, સુરત, કાબીગંધાર આદિ તીર્થોની યાત્રા કરી. સુરતમાં પ. પૂ. આચાર્યદેવ સાગરાનંદસૂરીજીનો મેળાપ થયો.

પાલી મારવાડ નીવાસી શેઠશ્રી સુખલાલજીની દિક્ષા સુરતમાં થઇ. પ. પૂ. સોહનવિજયજીના શિષ્ય તરીકે 'સમુદ્રવીજયજી' નામ અપાયું. જે સમર્થ સમુદ્રસૂરી તરીકે પ્રખ્યાત થયા.

ત્યારબાદ મુંબઇ પધાર્યા. ૧૯૭૦માં બીજુ ચોમાસુ મુંબઇ થયું. અહિં 'મહાવીર જૈન વિદ્યાલય' સ્થાપવાનું નક્કી થયું. ૧૯૭૩નું ચાતુર્માસ પણ મુંબઈ થયું.

ત્યારબાદ ફરી પંજાબ જવાનું થતાં તે તરફ વીહાર ચાલુ થયો

૧૯૮૧માં માગશર સુદ ૫ ને દિવસે લાહોરમાં ગુરૂદેવ શ્રી વલ્લભવિજયજીને આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા, હવેથી તેઓ આચાર્યશ્રી વલ્લભસૂરી તરીકે ઓળખાયા. ૩૮ વર્ષના દિક્ષા પર્યાય પછી તેઓશ્રીને આચાર્ય પદવીથી વીભુષીત કરવામાં આવ્યા.

ત્યારબાદ, ખાનાગાડોગરા, અમૃતસર, કાસુર, પટ્ટી, ઝંડીઆલા, જાલંધર, નાકોદર, નારોવાલ, શંકર, લુધીઆણા, માલેરકોટલા, નાભા, સામણા, પટીયાલા, અંબાલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્થા સામૌરા આદિ ગામોમાં શાસનોતીના કાર્ય કરતાં દિલ્હી થઇ મારવાડ થઇ ગુજરાતમાં પ્રવેશ કર્યો. પાલનપુર આદિ ગામોનો વીહાર કરી અમદાવાદ પધાર્યા. પાછા ફરી મુંબઇ પધાર્યા. ત્યાંથી દક્ષીણ તરફ વિહાર કર્યો, પુના વીગેરે સ્થાળોએથી મધ્યપ્રદેશમાં પ્રવેશ કર્યો, રાજસ્થાનના તીર્થોની યાત્રાઓ કરી.

તેઓશ્રીના સમસ્ત ભારતમાં વિહાર દરમ્યાન જે જે શહેરો કે ગામોમાં સંઘમાં વિચારભેદ, મનદુ;ખ કે અલગતાવાદ જણાયો છે ત્યાં દરેક જગ્યાએ સુમેળ સધાવી સૌના દિલ એક કર્યા છે.

તેઓશ્રીના જીવનના ત્રણ મુખ્ય આદર્શો હતા.

૧ આત્મ સન્યાસ. ૨. જ્ઞાનપ્રચાર. ૩, શ્રાવક–શ્રાવિકાનો ઉદ્ધાર.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનું મુંબઈ મુકામે ૮૪ વર્ષની ઉંમરે સં. ૨૦૧૦ ભાદરવા વદ ૧૦ રાત્રીના ૨–૩૨ મીનીટે તા. ૨૨–૯–૫૪ ના રોજ કાળધર્મ પામ્યા. સમસ્ત ભારતના સંઘોએ આંચકો અનુભવ્યો. મહાન યુગદૃષ્ટા ગુરૂદેવની મહાન ખોટ પડી,

( અનુસંધાન પાના નંબર ૧૦૦નું ચાલુ.

મંત્રીશ્વરને હૃદયની સ્ફુરેલ વાત કહી. કે આ યાત્રા વેરો બંધ કરાવો. આ સંકટ સદાય માટે દુર કરો.

મંત્રીશ્વરે તુરત ઇજારદારને બોલાવ્યા કે આ યાત્રા વેરો બંધ કરો અને તમારે તેની સામે વળતર સ્વરૂપે જે ઇચ્છા હોય તે માંગી લ્યો.

ઇજારદારે નજીકનું ગામ ' કુહાડી ' માંગી લીધુ અને મહા મંત્રીશ્વરે તે ખુબ હર્ષ પુર્વક તેઓને કુહાડી ગામ લખી આપ્યું.

મુની ભગવંતોએ ત્યા મંત્રીશ્વરે ગીરનાર સામું જોયું તો જાણે ગીરનાર હસી રહ્યો છે.

કાયમ માટે યાત્રા સુલભ બની.

ધન્ય છે આવા પરોપકારી પુન્યાત્માઓને.

# શોકાંજલિ

**શ્રી ખીમચંદભાઈ પરસોતમદાસ શાહ** (બારદાનવાળા) ઉં. વર્ષ ૮૮ સં. ૨૦૪૯ના શ્રાવણ સુદ ૧ મંગળવાર તારીખ ૨૦–૭–૯૩ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આ જીવન સભ્યશ્રી હતા. અને યાત્રાપ્રવાસમાં દાતાશ્રી હતા તેમજ ખુબજ ધાર્મીક વૃતિવાળા અને મિલનસાર સ્વભાવના હતા.

તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુ;ખમાં સભા સમવેદના પ્રગટ કરેલ છે, તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

**લી. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "ઈવાન લીચ" ગુપ્તદાન

" પાની બાઢે નાવમેં
ઘરમેં બાઢે દામ
દોનો હાથ ઉલેચીયે
યહી મનુષ્યકા કામ "
—કબીર.

કબીરના ઉપરના વાકયો વાસ્તવિક છે નદીમાં કે સાગરમાં નાવમાં બેસીને વિહાર કરતી વખતે નાવમાં પાણી ભરાઈ જાય ત્યારે તેને બે હાથો વડે ઉલેચીને બહાર ના કાઢીએ તો નાવ ડૂબી જાય. તેમ જ ઘરમાં ધન વધે ત્યારે પણ તેને બે હાથોથી ઉલેચી વાપરીએ નહિં તો આપણા 'આત્મા'નું નાવ ડૂબી જાય. ટૂંકમાં અનુકુળતા મુજબ 'દાન'નો મહિમા ગાયો છે. તેમાં 'ગુપ્તદાન' એટલે જમણા હાથે કરેલા દાનની ખબર ડાબા હાથને ના પડે તે.

આપણા દેશમાં, આપણા સમાજમાં અને આપણી આસપાસ આવા 'ગુપ્તદાન', કરનારા ઘણા હોઈ પણ શકે. હોય તો તે વંદનીય છે. અને ના હોય તો તેવી ભાવના જાગ્રત કરવા માટે ઉપયોગી એક દૃષ્ટાંત જાણવા યોગ્ય હોઈ અત્રે રજુ કરું છું.

ઇંગ્લેંડમાં એક પરગણું નામે "સરોકસ" છે. ત્યાં એક વૃદ્ધ માનવી નામે " ઈવાન લીચ " રહેતો હતો. તે પોતાના ભુતકાળના જીવનમાં એક સારો સેલ્સમેન હતો. પોતાની પત્ની અગાઉ અવસાન પામેલી તેના બે છોકરા અમેરિકા અભ્યાસ કરતા હતા.

આ વૃદ્ધ ફાટેલા–તુટેલા કપડા પહેરી દરરોજ પોતાના પરગણામાં સાયકલ પર એક જગ્યાએથી બીજી જગ્યાએ ઘૂમતો અને કાંસકા, ટુથબ્રશ, ટુથપેસ્ટ વિ. ચીજો ઘેર ઘેર ફરીને વેચાણ કરી જે કમાણી થાય તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતો. દેખાવે તે સાવ ગરીબ જ લાગતો.

તેની આ રોજની સાયકલ યાત્રા દરમિયાન કેટલાંય લોકોના સંપર્કમાં આવતો કોઈને કાંઈક ગમગીન કે દુઃખી જુએ એટલે તરત તેને તેનું કારણ પૂછે. કોઈ ને દવા વિ. માટે, કોઈને આબરૂ બચાવવા, કોઈ ને છોકરા ભણાવવા, કોઈ ને રોટલા ખાવા એમ વિવિધ જરૂરીયાતો હોય, તે દરેકને પૂછે કે તમારે તમારી તકલીફ દૂર કરવા કેટલી રકમ જોઈએ ! સામો પૂછે કે આ જાણીને તું શું કરીશ ? તો તે કહે કે મારો એક ધનવાન મિત્ર છે, તેને હું જેટલી રકમ દાન કરવા કહું તેટલી તે મને આપે છે, તે પૂછતો પણ નથી કે આ રકમ કોને આપવાની છે, અને તેનો નિયમ છે કે દાન કરીએ તે ગુપ્ત રાખવું. જમણા હાથના દાનની ડાબા હાથને ખબર ના પડવી જોઈએ. એટલે તમારે દાન લેવામાં તેની જાણ બીજાને થશે નહિં. (મારા સિવાય) તમારે કોઈ પાસે હાથ પણ નહિં લંબાવવો પડે અને તમારૂં કામ થઈ જશે. શરૂઆતમાં કોઈ આ બાત માનતું નહિં. પણ ધીરે ધીરે જ્યારે તેણે આમ કરી બતાવ્યું. તેમ તેમ તેનામાં વિશ્વાસ રાખી લોકો તેની મારફત આમ મદદ લેતા. છતાં બધાને હંમેશ મનમાં એમ થતું કે, એવો તો કયો ધનવાન આ પરગણામાં છે. જે વૃદ્ધની બધી વાત સાચી માની પૈસા આપે છે

આ પ્રશ્ન આ વૃદ્ધને પૂછે તો તે કહે "તમારે કામ પતે તેનાથી મતલબ છે. બીજી ટપ ટપ ના કરો."

એક વાત ફરી ધ્યાનમાં રાખો કે પોતે ઘરડી ઉંમરે પણ પોતાનું ગુજરાન સાયકલ પર ફરી કાંસકા, ટુથ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રશ, ટુથપેસ્ટ વિ. વેચીને થતી કમાણીમાંથી કરતો હતો.

એક કમનસીબ દિવસે, આવો દયાવાળો વૃદ્ધ માર્ગ અકસ્માતમાં મરણ પામ્યો. લોકોને ખૂબ દુઃખ થયું પણ જ્યારે આ વૃદ્ધના એડવોકેટે લોકોની સમક્ષ આ વૃદ્ધનું વસિયતનામું વાંચી બતાવ્યું ત્યારે લોકોને "બોમ્બ" ફૂટયો હોય તેવો અચંબો લાગ્યો.

મરણ સમયે આ વૃદ્ધનું બેંક બેલેન્સ એક કરોડ પાઉન્ડ હતું અને વસીયતનામામાં લખેલ કે, મારા મરણ પછી મારી પાસે જે બેંક બેલેન્સ હોય તેમાંથી જે જે સંસ્થાઓને દાન કરવાનું હતું તેનું લીસ્ટ હતું. પોતાના છોકરાઓની બાબત પણ યોગ્ય વ્યવસ્થા કરી હતી. આ સમયે જ લોકોને ખબર પડી કે જીંદગીભર પોતાના માટે મહેનત કરનાર આ મહાન દાનવીર પોતાના મિત્રને નામે પોતે જ દાન કરતો હતો. જે તેના મરણ શુધી ૧૦૦ ટકા " ગુપ્ત" રાખ્યું. તેમ જ દાન લેનારને જરાય " દયા " કે " લાચારી "ની લાગણી ના અનુભવવી પડે તે રીતે તેણે " ગુપ્તદાન " કરીને જગતને " ગુપ્તદાન "નો મહિમા અમલ કરી બતાવ્યો.

આવા મહાન દાનવીર " ઇવાન લીચ "ને માટે આપણું દીલ પણ તેના પ્રત્યે સન્માન અને આભારની લાગણીથી ઝુકી જાય જ.

ઉપરોક્ત વાત તા. ૧૯-૧૧-૯૨ના અમદાવાદથી પ્રસિદ્ધ થતા 'સંદેશ' દૈનિકમાં વાંચીને સક્ષીપ્તમાં ઉપર જણાવી છે.

આપણે " દાન " કરતાં અને કર્યા પછી આવી તકેદારી રાખતા શિખીએ તો આ વૃદ્ધ અને બીજા ઘણા આત્માઓને શાંતિ આપી શકીએ.

"માનવા"

# શોકાંજલિ

**શ્રી નગીનદાસ મેઘજીભાઈ કપાસી ઉં, વર્ષ ૮૭** સંવત ૨૦૪૯ના બી. ભાદરવા સુદ ૭ બુધવાર તારીખ ૨૨-૯-૯૩ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે.

તેઓશ્રી આ સભાના આ જીવન સભ્યશ્રી હતા અને ખુબજ ધાર્મીક વૃતીવાળા અને મીલન સાર સ્વભાવના હતા તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરેલ છે.

તેમના આત્માને પરમ શાંન્તિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

**લી. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.**

માનવ માત્રને સંયમની મર્યાદામાં રાખે તે જૈન ધર્મ.
દુર્ગતીના ખાડામાંથી બહાર કાઢે તે જૈન ધર્મ.
ઇન્દ્રિયોનું દમન અને કષાયોનું શમન કરાવે તે જૈન ધર્મ.
આત્મામાંથી પરમાત્મા બનાવે તે જૈન ધર્મ છે.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ. પૂજ્ય આચાર્યદેવેશ
વિજયવલ્લભસૂરીશ્વરજી
મહારાજ સાહેબના પ્રવચનમાંથી

# શીલનું વ્યાપક સ્વરૂપ

આત્માનું સૌંદર્ય છે. શીલ વર્તમાન યુગમાં માનવી પોતાના શરીરની સુંદરતાનું જેટલું ધ્યાન રાખે છે એટલું ધ્યાન એણે અગાઉ ક્યારેય રાખ્યું નથી. હિસાબ કરીએ તો ખબર પડે કે દર મહિને દેશના લાખો–કરોડો રૂપિયા શારીરિક સુંદરતાની પાછળ ખર્ચાય છે, વળી, એની પાછળ વ્યક્તિ પોતાનો અમૂલ્ય સમય ગાળે એ વાત તો જુદી. બીજી બાજુ, આત્માને સુંદર બનાવવાની વાત ભુલાઇ રહી છે. લિપસ્ટીક, હેરઓઈલ, સેન્ટ, પાવડર, સ્નો અને ક્રીમનો ઉપયોગ, કેશવિન્યાસ જેવી બાહ્ય–સજાવટ કરે છે તેમ જ શૃંગાર પ્રસાધનો દ્વારા ચહેરાને આકર્ષક બનાવવા કે શરીરને સુશોભિત–સૌંદર્યમય બનાવવાની પાછળ મોટા ભાગના લોકોનું ધ્યાન કેન્દ્રિત થયેલું છે. આ શરીરમાં બીરાજેલા આત્માને સજાવવાની કે સુશોભિત કરવાની બાબતની ઉપેક્ષા જ થઈ છે. વિલાસિતા, ઇન્દ્રિય-વિષયોમાં આસક્તિ. અશ્લીલ સિનેમાં જેવાં કુદૃશ્યો, નિમ્ન કોટિના સાહિત્યનું પઠન–પાઠન, કામોત્તેજક અને માદક ચીજવસ્તુઓનું સેવન, મલિન વિચારો અને અઘટિત આચારો દ્વારા આત્મા પર કાલિમા લગાડવામાં આવે છે. મંદિરને ખૂબ શણગાર્યું હોય, એના પર સોના–ચાંદીના કળશ ચડાવ્યા હોય, પરંતુ એમાં બિરાજમાન દેવતા તરફ કોઇનું ધ્યાન જતું નથી. ભીતરનો આ દેવતા–આત્મા–વાસ્તવિક સૌંદર્ય અને તેજસ્વિતાથી અલિપ્ત રહેવા માંડયો છે. ભારતીય દર્શનોમાં શરીરને આત્માનું મંદિર માનવામાં આવે છે. આત્મા દેવતા છે. શરીર એનું મંદિર છે એ સાચું છે કે શરીરરૂપી મંદિરની સંભાળ લેવી જોઇએ પરંતુ આજે તો અમર્યાદ રીતે મંદિરની સંભાળ લેવામાં આવે છે અને આત્મદેવતાની લગભગ કોઇ સંભાળ લેવાતી નથી. આત્મદેવતાની પૂજાને બદલે આજે શરીર-પૂજા અધિક થઇ રહી છે.

હા; તો મારે કહેવું એ છે કે આત્મદેવતાની પૂજા અને એના સૌંદર્યની હિફાજત શીલપાલનથી થાય છે. આ વિષયમાં ધ્યાન આપવું વિશેષ જરૂરી છે. આજે શરીર-સંભાળ, શૃંગાર કે શરીરની સજાવટના રૂપમાં આત્માની દ્રવ્યપૂજાની અપેક્ષાએ એની ભાવપૂજાની વિશેષ આવશ્યકતા છે. એક વ્યક્તિ દર મહિને કરોડો ગાયોનું દાન આપે છે. બીજી આવું કોઇ દાન આપવાને બદલે શીલ-સંયમનું પાલન કરે છે. તીર્થંકર પ્રભુની દૃષ્ટિએ તો દાન-દાતાની અપેક્ષાએ શીલપાલક ઘણો મહાન છે.

એક વ્યક્તિ કરોડો સોનામહોરોનું સુપાત્રદાન કરે છે. બીજી વ્યક્તિ સુવર્ણ અને રત્નજડિત તીર્થંકર પ્રભુનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંદિર બંધાવે છે. આ બંને કરતાં શુદ્ધ મનથી શીલ (બ્રહ્મચર્ય) પાલન કરનાર વધુ મહાન છે અને એને બંને કરતાં અધિક ફળ મળે છે. સુપાત્રને દાન આપવું અથવા તો પ્રભુનું મંદિર બનાવવું એ તો દ્રવ્યપૂજન છે, જ્યારે શીલ (બ્રહ્મચર્ય) એ ભાવપૂજન છે. દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજાનું સ્થાન ઘણું ઉચ્ચ છે. હકીકતમાં તો ભગવાનની આજ્ઞાઓ અને સંદેશાનું પાલન કરવું એ જ એની શ્રેષ્ઠ પૂજા છે. આચાર્ય હેમચંદ્રે આમ જ કહ્યું છે—

**'वीतराग ! तव सपर्यास्तवाज्ञापरिपालनम् ।**

'હે વીતરાગ દેવ! આપની સર્વશ્રેષ્ઠ પૂજા કે સેવા તો આપના આદેશો, સંદેશો અને આપના પદચિહ્ન પર ચાલવું તે છે.'

આનો સાર એ છે કે શીલપાલન કરવું એ ભગવાનની આજ્ઞા છે અને એમની આજ્ઞાની આરાધના કરવી એ જ શ્રેષ્ઠ પૂજા કે સેવા છે.

## શીલ એટલે શું ?

હવે સવાલ એ થશે કે 'શીલ' શબ્દના કયા અર્થને ગ્રહણ કરવો. કોઈ વ્યક્તિ શીલપાલન માટે તૈયાર થઈ જાય પરંતુ એને શીલનું રહસ્ય, એનો વાસ્તવિક અર્થ, શીલપાલનના ઉપાય અને મર્યાદાઓ તેમ જ એમાં આવતી મુશ્કેલીઓ સામે રાખવાની જાગૃતિનું એને જ્ઞાન હોય નહિ તો એ એનું પાલન યથાર્થ રૂપે કરી શકશે નહિ. કવચિત્ આવેશમાં આવીને શીલપાલનની પ્રતિજ્ઞા લઈ લેનાર એમાં સંકટ કે આપત્તિ આવતાં અથવા તો ભય કે પ્રલોભન જાગતાં ચલિત થઈ જશે. ક્યારેક પ્રતિજ્ઞાના આત્માને તજીને માત્ર એના ખોખાને વળગી રહેશે.

આમ તો શીલ શબ્દના અનેક અર્થ થાય છે. એનો સર્વમાન્ય પ્રચલિત અર્થ સદાચાર કે સદ્ચારિત્ર છે. સદાચારમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહવૃત્તિનો સમાવેશ થાય છે. બૌદ્ધધર્મમાં આ પંચશીલ તરીકે પ્રસિદ્ધ છે. એમાં પાંચમું શીલ અપરિગ્રહવૃત્તિને બદલે મદ્યનિષેધ છે. ગમે તે હોય પણ જે શીલનું પાલન કરવા ઈચ્છે છે એણે આ પાંચેયનું પાલન પોતાની ભૂમિકા અનુસાર કરવાનું જરૂરી બનશે. પૂર્ણરૂપે શીલનો અંગીકાર કરનાર સાધુ જો જીવહિંસા કરે, ચોરી કરે, અસત્ય બોલે અથવા તો પરિગ્રહવૃત્તિ રાખે તો જગત કે સમાજમાં કોઈ એને શીલવાન કહેશે નહિ. આવી જ રીતે જે ગૃહસ્થ મર્યાદિત રૂપમાં શીલનો-સ્વપત્ની-સંતોષવ્રતનો સ્વીકાર કરે અથવા તો પત્ની સાથે પૂર્ણપણે શીલવ્રતનો અંગીકાર કરે એ જ ગૃહસ્થ તરીકે અહિંસા, સત્ય વગેરેની મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને હિંસા, અસત્ય, ચોરી, પરિગ્રહ, સીમાતિક્રમણ વગેરે કરશે તો લોકો એને શીલપાલક કે સદ્ચરિત્ર નહિ કહે આ દૃષ્ટિએ શીલમાં પાંચ વ્રત * સમાવિષ્ટ થાય છે અને તે સર્વથા યોગ્ય જ છે. 'તત્ત્વાર્થ-સૂત્ર'માં **'व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ।'** કહ્યું છે એટલે કે પાંચ અણુવ્રત અને સાત શીલ(૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત)ના ક્રમશઃ પાંચ પાંચ અતિચાર હોય છે. આમ કહીને શીલથી બધાં ઉપવ્રતો ગ્રહણ કરવામાં આવે છે. આથી શીલનો અર્થ જીવનમાં મર્યાદા જાળવવી, ઇન્દ્રિય અને મનની સુંદર ટેવ કે મધુર સ્વભાવ અથવા સદ્વ્યવહાર એવો થાય છે,

આંતરરાષ્ટ્રીય પંચશીલમાં પણ અનાક્રમણ અહસ્તક્ષેપ, સાર્વભૌમત્વ, પરસ્પર સહયોગ જેવાં શીલ રાષ્ટ્રના સદાચારની મર્યાદા અથવા રાષ્ટ્રીય ચારિત્રસંહિતના અર્થમાં પ્રયોજાયેલ છે.

જૈન ધર્મને અનુસરનારાઓમાં શીલનો બ્રહ્મચર્ય એવો અર્થ વિશેષ પ્રચલિત છે. 'સમવાયાંગસૂત્ર'ની વૃત્તિમાં કહ્યું છે—

---

* જુઓ 'પ્રશ્નવ્યાકરણસૂત્ર'માં—**"जम्मि य आराहियम्मि आराहियं वयमिण सव्वं, सीलं तवो य विणओ य संजमो य खंती, मुत्ती, गुत्ती, तहेव य ।"**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## "शीलं ब्रह्मचर्यम्"।

બ્રહ્મચર્યનો અર્થ એટલો વ્યાપક છે કે એમાં શીલના બધા અર્થો અને એના મૂળમાં રહેલા સદ્દાચાર અથવા સદ્‌ચારિત્રને માટે આવશ્યક તમામ ગુણોનો સમાવેશ થાય છે. આ કારણે તો 'પ્રશ્નવ્યાકરણસૂત્ર'માં બધાં વ્રતોમાં બ્રહ્મચર્યને મહાન અને મુખ્ય બતાવ્યું છે, વિશ્વના બત્રીસ ઉત્કૃષ્ટ પદાર્થોની ઉપમા એને માટે પ્રયોજાઈ છે, જેમ પર્વતોમાં મેરુ પર્વત અને દેવોમાં ઈન્દ્ર સૌથી શ્રેષ્ઠ છે, એવી જ રીતે બધાં વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ વ્રત છે. બ્રહ્મચર્યની આરાધનાથી જ બધાં વ્રતોની આરાધના થાય છે. બ્રહ્મચર્યની સાધનાની સાથોસાથ શીલ, તપ, વિનય, સંયમ, ક્ષમા, નિર્લોભતા તથા ગુપ્તિ–આ બધાંની સાધના થઈ જાય છે. આનો અર્થ એ કે આ વ્રતની સાધનામાં ક્ષતિ હોય અથવા એના આચરણમાં ખંડિતતા કે અતિક્રમણ હોય તો બધાં વ્રતોમાં ત્રુટિ આવી જાય છે અને આ વ્રતોમાં ક્ષતિ, દૂષિતતા કે અતિક્રમણ થઈ જાય છે. તમે વિચાર કરો કે કોઈ બ્રહ્મચર્ય વ્રતી મન, વચન એને કાયાથી કુશીલસેવન કરે છે, તો એ સમયે ભાવહિંસા (કષાયસેવનથી પોતાના આત્માની હિંસા) થઈ જાય છે જૈનાગમ ભગવતી આદિ સૂત્રો કહે છે કે કાયાથી કુશીલસેવન કરવા જતાં રજ કે વીર્યમાં ઉત્પન્ન થતા સમ્મૂર્છિમ જીવોનો નાશ થવાથી દ્રવ્યહિંસા પણ થાય છે. અબ્રહ્મચર્યસેવનથી સત્યવ્રતમાં પણ ભંગ થાય છે, કારણ કે સમાજ કે ગુરુ સમક્ષ બ્રહ્મચર્ય વ્રતના પાલન માટે વચનબદ્ધ બનેલી વ્યક્તિ એ વચનનો ભંગ કરે છે, સત્યનો ભંગ કરે છે અને અસત્ય આચરણ કરે છે.

કુશીલસેવનથી ત્રીજા અદત્તાદાન–વિરમણવ્રતનો ભંગ કરે છે, કારણ કે જીવ–અદત્ત, સ્વામી–અદત્ત, તીર્થંકર–અદત્ત અને ગુરુ–અદત્ત આમ ચાર અદત્તો (આપ્યા બિનાના)માંથી એ તીર્થંકર અદત્ત અને ગુરૂ–અદત્તનુ આદાન (ગ્રહણ) કરે છે. એટલે કે તીર્થંકર અને ગુરુની આજ્ઞા વિરૂદ્ધ કરાયેલું કુશીલ-સેવન ચોરી જ ગણાય. કુશીલસેવનથી બ્રહ્મચર્યના ભંગ થાય છે એ વાત તો સ્વતઃસિદ્ધ જ છે.

હવે બાકી રહ્યું અપરિગ્રહણવ્રત એનો ભંગ પણ મૈથુન સેવન કરનાર કરે છે. 'દશવૈકાલિકસૂત્ર'માં કહ્યું છે, **'मुच्छा परिग्गहो वुत्तो'** એટલે કે મૂર્છાને પરિગ્રહ કહ્યો છે, અને મૂર્છા (મોહ, આસક્તિ અને મમતા) એ મૈથુનસેવનમાં હોય જ છે. આથી પરિગ્રહનું સેવન થતાં પાંચમા વ્રતનો પણ ભંગ થાય છે.

આથી બ્રહ્મચર્યવ્રત ખંડિત થતાં બીજાં વ્રતો પણ ખંડિત થાય છે. મકાનની છત નાનીનાની કડીઓ અને મોભના આધારે ટકેલી હોય છે એમાંથી જો કડીઓ જ તૂટી જાય તો મકાનને બહુ મોટી હાનિ થતી નથી, પરંતુ મોભ તૂટી જતાં આખું મકાન કડડભૂસ થઈ જમીનદોસ્ત બને છે. આ જ રીતે મોભ સમાન બ્રહ્મચર્યવ્રત તૂટી જશે તો અન્ય વ્રતરૂપી કડીઓ પણ પડી જશે અને જીવનમહેલની સાધનારૂપી આખીયે છત તૂટી પડશે.

આ કારણે જ બ્રહ્મચર્ય-સાધનાની સાથોસાથ અન્ય વ્રતોની સાધના અનિવાર્ય બને છે. જેવી રીતે શીલના અર્થમાં પાંચેય વ્રતોનો આચાર ગર્ભિત રીતે સમાયેલો છે, એવી જ રીતે બ્રહ્મચર્યની અંતર્ગત પાંચેય વ્રતોની સાધના સમાયેલી છે.

બ્રહ્મચર્યનો બીજો અર્થ થાય છે બ્રહ્મ એટલે કે આત્મા અથવા પરમાત્મામાં લીન રહેનાર. આ અર્થ પણ ઘણો વ્યાપક છે. આત્મા કે પરમાત્મામાં તલ્લીન વ્યક્તિને માટે પરભાવમાં રમણ રહેવું તે આત્મગુણોનું ઘાતક છે. વિષય, કષાય, હિંસા, અસત્ય, કુશીલ, ચોરી, પરિગ્રહ જેવા પરભાવમાં રમનારના આત્માનું પતન થાય છે. આ બધી બાબતોનો ત્યાગ કરવો અનિવાર્ય છે. આ અર્થ પ્રમાણે પણ બ્રહ્મચર્યની સાથોસાથ અન્ય વ્રતો અને ગુણોની સાધના સાહજિક રીતે જ કરવી પડે છે.

બ્રહ્મચર્યનો એક બીજો અર્થ છે અકુશળ કર્મોનો ત્યાગ. આવા અર્થને કારણે હિંસા આદિ પાંચ પાપકર્મોનો ત્યાગ બ્રહ્મચર્યની સાથોસાથ કરવો જરૂરી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્મચર્યનો એક વધુ વ્યાપક અર્થ છે પંચેન્દ્રિયનો નિગ્રહ અથવા તો પાંચેય ઇન્દ્રિયોની આત્મલીનતા. વીર્યરક્ષા. મૈથુનથી વિરતિ કે જનનેન્દ્રિયનો નિગ્રહ એ તો બ્રહ્મચર્યનો સંકુચિત અર્થ છે. એક દૃષ્ટિથી જોઈએ તો વીર્યરક્ષા માટે માત્ર જનનેન્દ્રિયનો સંયમ જ પૂરતો નથી. સ્વાદેન્દ્રિય પર સંયમ રાખવો જરૂરી છે અને ઘ્રાણેન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય પર પણ સંયમ રાખવો જરૂરી છે. આનો અર્થ એ કે વીર્યરક્ષા માટે સ્પર્શથી પણ વધુ દૃશ્ય, શ્રાવ્ય, ખાદ્ય અને ઘ્રાણીય પદાર્થોનો વિવેકપૂર્વકનો સંયમ રાખવો અને કામોત્તેજક પદાર્થોને ત્યજવા એ બ્રહ્મચર્ય માટે જરૂરી છે. આ કારણે જ 'મનુસ્મૃતિ' માં બ્રહ્મચારી (શીલવાન)ને માટે નીચેની ચીજોનો પરહેજ રાખવો જરૂરી બતાવવામાં આવ્યો છે :

"वर्जयेन्मधु मांसं च गन्धं माल्यं रसान् स्त्रियः।
अभ्यङ्गमञ्जन चाक्ष्णोरुपानच्छत्रधारणम् ।
शुक्तानि यानि सर्वाणि, प्राणिनां चैव हिंसनम् ।
काम क्रोध च लोभ च नर्तनं गीतवादनम् ।
द्यूतञ्च जनवादञ्च परीवादं तथानृतम् ।
स्त्रीणाम्प्रेक्षणालम्भमुपघातं परस्य च ॥" ।

"બ્રહ્મચારીએ મદ્ય, માંસ, સુગંધિત પદાર્થ, માળા, સ્નિગ્ધ રસનું અધિક સેવન, સ્ત્રીસંગ, તેલ જેવું માલિશ કરવું કે પીઠી વગેરે લગાવવી, આંખો આંજવી, પગમાં જોડાં પહેરવાં, છત્ર ધારણ કરવું, બધા પ્રકારનાં અશ્લીલ દૃશ્ય અને અસંયમી ગાયન, વાદન કે નર્તનનો ત્યાગ કરવો. આવી જ રીતે કામ, ક્રોધ, લોભ, પ્રાણીઓની હિંસા, જુગાર, ચાડીચુગલી, અસત્ય, નિંદા, સ્ત્રીઓ તરફ વિકારી દૃષ્ટિથી જોવું, આલિંગન કરવું અથવા તો એને અથડાઈને ચાલવું એ બધાનો ત્યાગ કરે છે."

આ શ્લોકમાં હિંસા, અસત્ય, કુશીલ કે લોભ ઉપરાંત શીલઘાતક અને કામોત્તેજક એવી દૃશ્ય, શ્રાવ્ય, ખાદ્ય (પેય), સ્પર્શ્ય અને ઘ્રાણવ્ય વસ્તુઓ છે એનો ત્યાગ કે પરહેજ બ્રહ્મચર્ય (શીલની સાધના) માટે આવશ્યક ગણાવ્યો છે. આથી એ સિદ્ધ થાય છે કે જેને મર્યાદિત કે પૂર્ણરૂપે શીલપાલન કરવું છે એણે જૂગાર, ચોરી, માંસ, મદ્ય (બધી માદક ચીજો અને વ્યસનો), શિકાર, પરસ્ત્રીગમન અને વેશ્યાગમન જેવાં સાત કુવ્યસનોનો ત્યાગ કરવો જોઈએ. આવું શક્ય બને નહિ તો શીલ(બ્રહ્મચર્ય)ની આરાધના સમ્યક્ પ્રકારે થઈ શકે નહિ.

બ્રહ્મચર્યના આટલા અર્થ ઉપરાંત ગુરુ પાસે રહેવું, વિદ્યાભ્યાસ કરવો, આત્મસ્વરૂપ પ્રગટ કરવું, યોગાસાધના કરવી, સેવા કરવી, વિશાળ ધ્યેયમાં એકાગ્ર બનવું જેવા જુદાજુદા અર્થોમાં પણ બ્રહ્મચર્ય શબ્દ પ્રયોજાય છે. એટલું કહેવું પર્યાપ્ત બનશે કે શીલનો કોઈ 'બ્રહ્મચર્ય' એવો અર્થ લે અથવા કોઈ અન્ય અર્થ લે, પણ એની સાથે બધા જ ગર્ભિત અર્થોનો એમાં સમાવેશ થાય છે. વળી આના સમ્યક્ પાલન માટે સાધના કરવી જરૂરી બને છે.

સત્ય જ એકમાત્ર ધર્મ છે. સત્ય પોતે જ ધર્મ છે, અને એટલા માટે જ સત્યનો કોઇપણ ધર્મ નથી. સત્યનો કોઇપણ સંપ્રદાય નથી; હોઈ શકતો નથી. સંપ્રદાય તો બધા સ્વાર્થના છે. સત્યનું કોઈ સંગઠન પણ નથી; કેમકે સત્ય પોતે જ શક્તિ છે અને તેથી સત્યને સંગઠનની કોઈ આવશ્યકતા નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શિક્ષણ અને સંસ્કાર

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ )

આજે દરેકને ધર્મનું ફળ જોઈએ છે, પણ ધર્મ જોઇતો નથી, પાપનું ફળ જોઇતું નથી પણ પાપ છોડાતું નથી. જુવારને પણ ધાણી બનવા માટે અગ્નિમાં શેકાવું પડે છે. પછી જ તે શ્વેત સુંદર પાણી બને છે અને પછીજ તે નયનોને ગમે છે. જુવારનો ઢગલો જેટલો સુંદર નથી લાગતો, તેથી વધારે તેની બનેલ ધાણી સુંદર લાગે છે, નયનરમ્ય અને રૂચિકર લાગે છે. આવું જ છે માનવનું. સંસ્કાર વગરનો માનવી જુવાર જેવો છે જેનામાં સંસ્કાર નથી, તેના ખાવા-પીવામાં. બોલવા – ચાલવામાં કે બેસવા- ઉઠવામાં જરાય ઢંગ નહિ હોય. જીવનમાં, વ્યવહારમાં-સંસારમાં ડગલેપગલે એની જરૂર છે. આધ્યાત્મિક દૃષ્ટિએ સંસ્કારની જરૂર તો છે જ. પણ સાંસારિક દૃષ્ટિએ પણ તેની એવીને એટલી જ અગત્યતા છે.

'કેમ આવ્યો ? 'કેમ આવ્યા ? 'કેમ પધાર્યા ?' આ ત્રણ વાકયોમાં કેટલો ફરક છે ? વચન એક છે, છતાંય વાણીમાં ફરક છે. સંસ્કાર-યુકત વાણી માણસને શોભાવે છે.

સુંદર દાગીના પહેર્યા હોય, સુંદર કપડાં સજ્યાં હોય પણ બોલે ત્યારે જાણે હંસના વેશમાં કાગડો !

સંસ્કારી બનવાનું સૌથી પ્રથમ સોપાન છે ભાષા સુધારણા. ભાષાથી માનવીનું મૂલ્યાંકન થઇ શકે છે.

રાજા, મંત્રી ને દરવાન ત્રણેય સાથે ફરવા નીકળ્યા હતા. રસ્તામાં ભૂલા પડયા. એકબીજાને શોધવા લાગ્યા. રસ્તામાં એક સાધુને બેઠેલા જોયા.

પહેલાએ કહ્યું 'પ્રજ્ઞાચક્ષુ, આપે અહીંથી કોઇને પસાર થતાં જાણ્યા ?'

જવાબ મળ્યો: 'ના ભાઈ, હું અંધ છું.'

પૂછનારે કહ્યું : 'માફ કરજો, મારી ભૂલ થઇ' તે આગળ ચાલ્યો.

પછી બીજાએ આવીને પૂછયું 'હે સુરદાસ, અહીંથી કોઈ પસાર થયું ?'

જવાબ મળ્યો 'હા ભાઈ, રાજા આગળ ગયા છે.'

ત્યાર બાદ ત્રીજાએ આવીને પૂછયું: 'અબે અંધા, યહાંસે કોઈ નિકલા હૈ ?'

સાધુએ જવાબ આપ્યો. 'હા રાજાજી પહેલા ગયા છે, પછી મંત્રી ગયા છે ને તું દરવાન તેમની પાછળ જા.'

આગળ જતાં તે ત્રણે જણા ભેગા થયા વાત થઇ. પેલા સાધુએ રાજા, મંત્રી ને દરવાનને કઈ રીતે ઓળખી કાઢયા. એનું એમને ખૂબ જ આશ્ચર્ય થયું. ત્રણેય ગયા સાધુ પાસે. સાધુએ એનો ખુલાસો કર્યો: 'હે પ્રજ્ઞાચક્ષુ' સંબોધનમાં વિવેકવિનય છે તે ઉચ્ચ કુળનો, સંસ્કારી હોવો જોઇએ, માટે તેને મેં રાજા માન્યો. 'હે સુરદાસ' સંબોધનમાં પહેલાં કરતાં ઓછું માન છતાં ઉદ્ધતાઇનો અભાવ જણાતાં મંત્રી તરીકે ઓળખ્યો. જ્યારે ત્રીજાના સંબોધન- અબે અંધા-માં ભારોભાર તિરસ્કાર લાગવાથી એ દરવાન જણાયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે સમાજમાં, ઘરમાં કે જાહેર જીવન વ્યવહારમાં સંસ્કારી વાણી વાપરો. ફાટેલ તૂટેલ કપડાં ચાલશે, સંસ્કારહીન વાણી નહીં ચાલે. વાણીને સંસ્કારમય બનાવવા માટે વિચારોને સંસ્કારમય બનાવો. વાણી અણધારી આવે છે, માટે વિચારોને તપાસો. તેના પર ચોકી રાખો. વિચારો ગમે તેમ અથડાય છે. મગજ શાંત રહેવા તૈયાર નથી. બોલ બોલ કરીએ છીએ, એથી જ્યાં ત્યાં વાણીનો વિકાર થાય છે. વાણીને સસ્કારમય બનાવવા વિચારોને સંસ્કારમય બનાવવા જોઇએ.

માણસોને કામ, ક્રોધ, માન–લોભ આવે છે, માટે વિચારો પર સતત ચોકી રાખો. વિચારોને તપાસો સંસ્કાર-સંપન્ન વિચાર બને તોજ શિક્ષણ દીપે. ભણેલ હોય ને સંસ્કારી ન હોય તો તે વેદિયો છે. માટે વિચાર, વાણી ને વર્તનને સંસ્કારી બનાવો.

આજે માબાપો ફરિયાદ કરે છે: બાળકોમાં સંસ્કાર નથી, તેઓ ઉચ્છૃંખલ બનતાં જાય છે. પણ એ કુસંસ્કાર આવ્યા ક્યાંથી? માબાપનાં સંસ્કાર, વર્તન ને વ્યવહારની છાપ છોકરાઓ પર પડવાની બાળકો કાર્બન કોપી જેવાં છે. આજે છોકરાઓ માબાપની સામે ગમે તેમ વર્તે છે, બીડી પીએ છે, 'અમારામાં માથું ન મારો' એમ બોલે છે. આમ હવેની પ્રજા જુદા જ પાટે જઈ રહી છે, તેનું કારણ માબાપો છે. માબાપ પોતાના છોકરાના સંસ્કાર, શિક્ષણ, કેળવણી પાછળ કેટલો સમય ગાળે છે? બને તેટલા સંસ્કાર ઘરમાં કેળવો. છોકરા માટે તમે કેટલો ભોગ આપ્યો છે? તમે કપડાં ધોવડાવો છો, સુંદર ઇસ્ત્રી પાછળ અર્ધો કલાક ખર્ચો છો વળી ઘડી બગડી ન જાય તેમ સંકેલવામાં અર્ધા કલાકનો વ્યય કરો છો. પણ પોતાનાં બાળકોમાં સંસ્કાર સીંચવા પાછળ કેટલી મિનિટ ખર્ચો છો?

આજે છોકરાઓ પ્રત્યે માબાપો બિનજવાબદાર બની ગયાં છે, માટે બિનજવાબદાર પ્રજા વધતી ચાલી છે ને તેથીજ જુઠાણું, ચોરી, લૂંટફાટ, અનાચાર ને કલહ વધી રહ્યાં છે. ઘરનાં બાળકો માટે કોઇજ સમય ન આપો તે કેમ ચાલશે?

કપડાં ધોવા કેટલો સાબુ જોઇએ છે? તો તનનો ને મનનો મેલ ધોવા સંસ્કારના સાબુની જરૂર છે. આલિશાન ઇમારત, ફરનીચર કે ઠાઠ-માઠના દેખાવથી માનવતા નહિ આવે. મહાન બિલ્ડીંગમાં મેં વામણા જોયા છે. એમને જોઈ દયા આવે છે આવા મહાન મકાન, આવા વૈભવ-શાળી રાચરચીલાં, મન તો જાણે સાવ નાનકડું! સંસ્કારસંપન્ન વિના શિક્ષણ નકામું છે. બાળકોમાં જરૂર છે સંસ્કારસિંચનની, સંયમ ને સદાચારયુક્ત શિક્ષણની. સંસ્કાર ન પોષનાર માતાપિતા બાળકનાં હિતશત્રુ છે. એક સંસ્કારી પુત્રથી માતાને જે આનંદ થશે, તે અસંસ્કારી દશ પુત્રથી નહિ થાય. સંસ્કાર વગરનું શિક્ષણ તેલ વગરના દીપ સમાન છે. શિક્ષણ અને સંસ્કાર જીવનરથનાં બે ચક્ર છે. સંસ્કાર, સ્વચ્છતાને સુંદરતાની જીવનમાં આવશ્યક્તા છે. બાહ્ય હશે તો આંતરિક જન્મશે. અને આંતરિક તથા બાહ્ય સ્વચ્છતા આપણને પ્રભુતા પ્રતિ લઈ જશે. Cleanliness is next to Godliness. સ્વચ્છતા રાખો. તન મન અને આત્મા–ત્રણેને નિર્મળને સ્વચ્છ રાખો.

ત્યાં હશે શિક્ષણ અને ત્યાં હશે સંસ્કાર.

---

“હું ન જૈન છું ન બૌદ્ધ, ન વૈષ્ણવ છું, ન શૈવ ન હિંદુ છું, ન મુસલમાન; હું તો વીતરાગ દેવ પરમાત્માને શોધવાના માર્ગે વિચરવાવાળો એક માનવી છું. યાત્રાળુ છું. આજે સૌ શાંતિની ચાહના કરે છે, પરંતુ શાંતિની શોધ તો સૌથી પહેલા પોતાના મનમાં જ થવી જોઇએ.

—આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મ.

For Private And Personal Use Only



પ્રભુ છે....

પ્રભુ મહાન છે....

એ વાત સાચી.

પણ પ્રભુ મ્હારા છે....

એ સમજણથી જ્ઞાનને જુદો જ રંગ આવે.

ભગવાન મારા છે, અને હું એમનો છું.

આ મીઠાશ ભક્તિમાં આનંદ લાવે છે, ભેદ ભાવવો તે ભક્તિ, અભેદ ભાવવો તે જ્ઞાન છે.

અભેદની ભાવનાંમાં જીવ અને શિવ બન્ને મળી જઈને વિશુદ્ધ ચૈતન્ય થાય છે.

BOOK POST

પ્રતિ,

From.
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક : ૯૦
સને ૧૯૯૨-૯૩
સંવત: ૨૦૪૯-૫૦

For Private And Personal Use Only